# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 06-Dec-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં અષ્ટલક્ષ્મી મહોત્સવનો શુભારંભ કરાવ્યો. તેમણે જણાવ્યું કે, ઇશાન ભારત દેશના વિકાસને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે.

2) ભારતીય રિઝર્વ બેંકે સતત 11મી વખત રેપોરેટ સાડા છ ટકા યથાવત રાખવાનો નિર્ણય લીધો છે.

3) કેન્દ્ર સરકાર ખેડૂતોને પાક ઉત્પાદનના ખર્ચ કરતાં ઓછામાં ઓછા 50 ટકા વધુ ટેકાના ભાવ આપવા પ્રતિબદ્ધ છે.

4) સમગ્ર ગુજરાતમાં બે દિવસ માટેના રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૪નો આજથી આરંભ થયો છે.

5) કેન્દ્રિય શિક્ષણંમત્રી ધર્મેન્દ્ર પ્રધાને ભારતીય સંકેત ભાષા આધારીત 24 કલાક માટેની પીએમ-ઇ વિદ્યા ડીટીએચ ચેનલનો આજે શુભારંભ કરાવ્યો છે.

6) ઓસ્ટ્રેલિયાના એડેલેડ ખાતે આજથી શરૂ થયેલી બીજી ક્રિકેટ ટેસ્ટમેચમાં ભારતના 180 રનના જવાબમાં ઓસ્ટ્રેલીયાએ એક વિકેટે 86 રન નોંધાવ્યા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**REV. EVE. PM - ASHTALAKSHMI**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં અષ્ટલક્ષ્મી મહોત્સવનો શુભારંભ કરાવતાં જણાવ્યું કે, ઇશાન ભારત દેશના વિકાસને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે. તેમણે કહ્યું કે, અષ્ટલક્ષ્મી મહોત્સવના લીધે ઇશાન ભારતના રાજયોમાં મૂડીરોકાણોની તકોમાં વધારો થશે. આ મહોત્સવના પગલે ઇશાન ભારતના ઉજ્જવળ ભાવિનો આરંભ થઇ રહ્યો છે. અને વિકસિત ભારતના મિશનને નવું બળ મળશે. પ્રધાનમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે,

(બાઇટ-પીએમ)

આજથી ત્રણ દિવસ સુધી ચાલનાર અષ્ટલક્ષ્મી મહોત્સવમાં ઇશાન ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાગત કલા અને હસ્તકલાઓનો પરિચય અપાઇ રહ્યો છે. આ મહોત્સવમાં ઇશાન ભારતનો કાપડ ઉદ્યોગ, ત્યાંના પ્રવાસન સ્થળો અને આગવા ઉત્પાદનોને રજૂ કરાયા છે. મહોત્સવમાં 250થી વધુ કલાકસબીઓના હસ્તકલાના ઉત્પાદનો રજૂ કરાયા છે.

## NITYANAND RAI PRESS CONFERENCE

કેન્દ્રિય ગૃહરાજયમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર ઇશાન ભારતના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. આજે પત્રકારો સાથે વાત કરતાં તેમણે વધુમાં કહ્યું કે, ઇશાન ભારતમાં સંપર્ક, શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રમાં થયેલા વિકાસના કારણે ઇશાન ભારતના લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે.

તેમણે કહ્યું કે, આ વખતના બજેટમાં ઇશાન ભારત માટે નવ હજાર 970 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. એવી જ રીતે વિમાન સેવામાં સુધારો કરવા માટે આ ક્ષેત્રમાં અગાઉ નવ વિમાન મથક હતા. છેલ્લા 10 વર્ષમાં નવા આઠ વિમાનમથકોની કાર્યવાહી હાથ ધરાઇ છે. એવી જ રીતે કેન્દ્રની એનડીએ સરકારે ઇશાન ભારતમાં નવી આઠ તબીબી કોલેજો અને 843 શાળાઓ શરૂ કરી છે.

## SUVARNA MAHŌTSAVA BAPS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા – BAPS નો કાર્યકર સુવર્ણ મહોત્સવ આવતીકાલે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાશે. આ પ્રસંગે BAPS સંસ્થાના વડા મહંત સ્વામી તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે. આશરે 30 દેશોના BAPS ના કાર્યકરોની ઉપસ્થિતિમાં બે હજારથી વધુ કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરશે.

BAPS સંસ્થાના સ્વયં સેવકોએ કોવિડ-19 ઉપરાંત ધરતીકંપ, પુર જેવી કુદરતી આપત્તિઓમાં 25 ગામોનું પુનઃવર્સન અને 75 શાળાઓના નિર્માણમાં યોગદાન આપ્યું છે.

## FUR. REV DAY RBI-MONETARY POLICY

ભારતીય રિઝર્વ બેંકે સતત 11મી વખત રેપોરેટ સાડા છ ટકા યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. એવી જ રીતે સ્થાયી જમા સુવિધા દર એસડીએફ પણ સવા છ ટકા યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી 2023 પછી રિઝર્વ બેંક દ્વારા વ્યાજદરોમાં ફેરફાર કરાયો નથી. જો કે, તરલતા પરનું ભારણ ઘટાડવા રિઝર્વ બેન્કે કેશ રિઝર્વ રેશિયો – સીઆરઆરમાં સહેજ ઘટાડો કરીને તે 4 ટકા કર્યો છે. રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે ફુગાવાના વધતા દબાણ સામે સ્થિરતા જાળવવાની બેન્કની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. તેમણે કહ્યું કે, રિઝર્વ બેંકે નાણાંકીય વર્ષ 2025 માટે ફુગાવાનો સંભવિત દરનો અંદાજ અગાઉ 4.5 ટકા દર્શાવ્યો હતો. તેમાં સુધારો કરીને હવે 4.8 ટકા દર્શાવ્યો છે.

## AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદની મુલાકાતે આવશે. શ્રી શાહ આવતીકાલે સવારે અમદાવાદમા ગ્લોબલ હોસ્પિટલનું

ઉદઘાટન કરશે. ત્યાર બાદ તેઓ, શક્તિ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાનાર ગુજરાત લોકસેવા ટ્રસ્ટના આ વાર્ષિક ઉત્સવમાં હાજરી આપશે. શ્રી શાહ સાંજે BAPS અક્ષરધામના કાર્યકર્તા સ્વર્ણ જયંતિ ઉત્સવમાં ભાગ લેશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## RS - FARMERS MSP

કેન્દ્ર સરકાર ખેડૂતોને પાક ઉત્પાદનના ખર્ચ કરતાં ઓછામાં ઓછા 50 ટકા વધુ ટેકાના ભાવ આપવા પ્રતિબદ્ધ છે. કેન્દ્રિય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે રાજયસભામાં પૂરક પ્રશ્નના જવાબમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે ડાંગર, ઘઉં, બાજરી સહિત વિવિધ પાકોના ટેકાના ભાવે કરાયેલી ખરીદીની વિગતો આપી હતી. એમ.એસ.સ્વામીનાથમ સમિતિ દ્વારા કરાયેલી ભલામણો મુજબ વર્તમાન એનડીએ સરકારે કૃષિ ઉત્પાદન ખર્ચની સરખામણીએ 50 ટકા તો કેટલાક કિસ્સામાં 100 ટકા વધુ ટેકાના ભાવોના આધારે ખરીદી કરી છે. સ્વામીનાથન સમિતિની આ ભલામણોનો અગાઉની યુપીએ સરકાર દ્વારા ઉપેક્ષા કરાઇ હોવાનો આક્ષેપ કૃષિમંત્રીએ કર્યો હતો.

## RAVI KRUSHI MAHOTSAV

સમગ્ર ગુજરાતમાં બે દિવસ માટેના રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો આજથી આરંભ થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે અને આવતીકાલે યોજાનાર રવી કૃષિ મહોત્સવનો બનાસકાંઠાના દાંતીવાડામાં આરંભ કરાવ્યો હતો..

મુખ્યમંત્રીએ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં શરૂ કરાયેલી યોજનાઓનું વિગતો આપીને તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે શ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૨ જેટલા પ્રગતિશીલ ખેડૂતોને પોતાની આગવી કોઠાસુઝથી કૃષિ ક્ષેત્રે કરેલા સંશોધન માટે સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. અને કૃષિ ક્ષેત્રે નવીનતમ ટેકનોલોજીની જાણકારી આપતી માહિતી પુસ્તિકાનું વિમોચન અને ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓના ૧૧ લાખ રૂપિયાથી વધુનું સહાય વિતરણ મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીએ કર્યું હતું.

## EVE. PARL - ADJOURN

સંસદના બંને ગૃહોમાં વિવિધ મુદ્દાઓ માટે થયેલા શોરબકોર અને સૂત્રોચ્ચારના પગલે બંને ગૃહોની બેઠક આજના દિવસ માટે મુલતવી રખાઇ છે. રાજયસભામાં કોંગ્રેસના સાંસદની બેઠક પરથી ચલણી નોટો મળી આવવાના મુદ્દે સત્તાધારીપક્ષના સભ્યોએ કરેલા સૂત્રોચ્ચાર બાદ ગૃહની બેઠક આજના દિવસ માટે મુલતવી રખાઇ હતી.

જયારે લોકસભામાં ભાજપના સાંસદ નીશિકાંત દુબે દ્વારા કરાયેલા આક્ષેપો સામે વિપક્ષના સભ્યોએ કરેલા સૂત્રોચ્ચાર બાદ લોકસભાની બેઠક મુલતવી રખાઇ હતી.

## LAUNCH- PM E VIDYA CHANNEL

કેન્દ્રિય શિક્ષણંમત્રી ધર્મેન્દ્ર પ્રધાને ભારતીય સંકેત ભાષા આધારીત 24 કલાક માટેની પીએમ-ઇ વિદ્યા ડીટીએચ ચેનલનો આજે શુભારંભ કરાવ્યો છે. શિક્ષણ મંત્રાલયની યાદી મુજબ આ ચેનલ સંકેત ભાષા અને વિવિધ વિષયોના શિક્ષણને પ્રોત્સાહન આપશે. આ ચેનલમાં વિદ્યાર્થીઓ શિક્ષકો, શિક્ષણવિદો અને લાગતાવળગતાઓ માટે વિવિધ સામગ્રી રજૂ કરાશે.

શ્રી પ્રધાને જણાવ્યું હતું કે, આ ચેનલ સમાજમાં સંદેશાવ્યવહાર પદ્ધતિને વધુ પ્રગતિશીલ અને સર્વસમાવેશક બનાવશે.

## LS-FERTILIZERS

ખેડૂતોને ફોસ્ફેટિક અને પોટેસિક  ખાતરો વાજબી ભાવે મળી રહે તે માટે કેન્દ્ર સરકારે તાર્કિક માર્ગદર્શિકા જારી કરી છે. કેન્દ્રિય રસાયણ અને ખાતર રાજયમંત્રી અનુપ્રિયા પટેલ આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ડીએપી ખાતરની એક થેલીની કિંમત 3 હજાર 100 રૂપિયા છે. પણ ખેડૂતોને 1 હજાર 350 રૂપિયાના દરે તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. કેન્દ્ર સરકારે પોષક તત્વો માટે સબસીડીની યોજના હેઠળ વર્ષ 2023-24માં 65 હજાર કરોડ રૂપિયાથી વધુની સબસીડી આપવામાં આવી છે.

## MAHA-BJP MLA OATH

ભાજપના ધારાસભ્ય કાલીદાસ કોલામ્બકરે મહારાષ્ટ્ર વિધાનસભાના હંગામી અધ્યક્ષ તરીકે આજે શપથ લીધા છે. રાજયપાલ સી.પી.રાધાકૃષ્ણે આજે મુંબઇમાં રાજભવન ખાતે શ્રી કોલામ્બરને હંગામી અધ્યક્ષ તરીકે હોદ્દો અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, વિધાનપરિષદના નાયબ અધ્યક્ષ નીલન ગોરહે અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આવતીકાલ સાતમીથી નવમી ડિસેમ્બર દરમિયાન યોજાનાર વિધાનસભાના ખાસ સત્રમાં શ્રી કાલીદાસ કોલામ્બકર ગૃહના હંગામી અધ્યક્ષ તરીકે કાર્યવાહી સંભાળશે. એવી જ રીતે આગામી નવમી ડિસેમ્બરે વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણીની કાર્યવાહી પણ તેઓ સંભાળશે. ત્યારબાદ રાજયપાલ મહારાષ્ટ્ર વિધાનસભા અને વિધાનપરિષદના ગૃહના સભ્યોને સંબોધન કરશે.

## REV EVE.  CRICKET - BGT TEST

પ્રવાસી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે એડેલેડ ખાતે આજથી શરૂ થયેલી બીજી ક્રિકેટ ટેસ્ટમેચમાં પહેલા દિવસે ભારતના 180 રનના જવાબમાં ઓસ્ટ્રેલીયાએ પહેલી ઇનિંગમાં એક વિકેટે 86 રન નોંધાવ્યા છે. આજે પહેલા દિવસની રમત બંધ રહી ત્યારે નાથન મેકસવેની 38 અને લાબુસેન 20 રન સાથે રમતમાં છે.

અગાઉ ભારતે ટોસ જીતીને પહેલા બેટીંગ કરવાનો નિર્ણય લીધો. ઓસ્ટ્રેલિયાના મિશેલ સ્ટાર્કે છ વિકેટ ઝડપતાં ભારતની પહેલી ઇનિંગ 180 રનમાં સમેટાઇ હતી. ઉલ્લેખનીય છે કે, પર્થમાં રમાયેલી પહેલી ટેસ્ટમેચમાં વિજય મેળવીને ભારત આ શ્રેણીમાં 1-0 થી આગળ છે.